Disclaimer : This content is not created or owned by Info Edge (india) Limited

# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

## શૈક્ષણિક વર્ષ - 2025-26

## ધોરણ-12

સમય : 2 કલાક | કુલ ગુણ : 50

## PART - B

### વિભાગ-A (પદ્ય આધારિત)

- નીચેના પ્રશ્નોના બે-ત્રણ વાક્યમાં ટૂંકમાં ઉત્તર લખો. (કોઈપણ ત્રણ) [06]

(1) બીજ અને વૃક્ષનો કાર્યકારણ સંબંધ નરસિંહ શી રીતે સમજાવે છે ?

(2) ગોપી શ્યામ રંગની કઈ કઈ વસ્તુઓમાં કપટનો ભાવ જુએ છે ?

(3) 'ભવના અબોલા' લોકગીતની નાયિકા કોની સાથે સંદેશો મોકલે છે ? શા માટે ?

(4) ઓળિયાએ ગ્રામજનોને શું કહ્યું ? તેનું શું પરિણામ આવ્યું ?

(5) કાળરૂપી કુહાડીએ કેવી પરિસ્થિતિ સર્જી છે ?

- નીચેના પ્રશ્નોના વિસ્તૃત ઉત્તર લખો. (કોઈપણ એક) [04]

(6) 'દમયંતી સ્વયંવર' આખ્યાનખંડમાં પ્રેમાનંદે રજૂ કરેલ કડવાની કથા તમારા શબ્દોમાં લખો.

અથવા

(6) 'ભાજી' કાવ્યમાં પ્રગટેલી આર્થિક સામાજિક વિષમતા ચર્ચો.

### વિભાગ-B (ગદ્ય આધારિત)

- નીચેના પ્રશ્નોના બે-ત્રણ વાક્યમાં ટૂંકમાં ઉત્તર લખો. (કોઈપણ ત્રણ) [06]

(7) ગાંધીજીના આશ્રમોમાં કયા કયા વ્રતોનું પાલન થતું હતું ?

(8) લોકો કઈ કઈ વસ્તુઓ ઉછીની માગે છે ?

(9) હરમનના મેદાનમાંથી વહેતી શેય નદી લેખિકાને કેવી લાગે છે ?

(10) લોકમત બ્રિટિશ વિરુદ્ધ ચળવળમાં કેમ પરિણમ્યો ?

(11) હીરાએ ઝાપટ મારી મણિભાઈને કયું સત્ય સમજાવ્યું ?

- નીચેના પ્રશ્નોના વિસ્તૃત ઉત્તરો લખો. (કોઈપણ એક) [04]

(12) 'શરત' ગદ્યના શીર્ષકની યથાર્થતા ચર્ચો

અથવા

(12) 'યુધિષ્ઠિર યુદ્ધવિષાદ' નાટકના અંતની ચર્ચા કરો.




shiksha

## વિભાગ-C (અર્થગ્રહણ અને લેખન કૌશલ્ય)

(13) શ્રી સરસ્વતી વિદ્યાલય, રાજકોટના ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં ગુજરાતી વિષયની ખાલી પડેલી જગ્યા માટે ઉમેદવારી નોંધાવતી અરજી લખો. [05]

(14) નીચેના ગદ્યખંડને વાંચી, તેનો ત્રીજા ભાગનો સંક્ષેપ કરીને યોગ્ય શીર્ષક આપો. [05]

આજે આપણને આપણી પોતાની પ્રગતિ પ્રત્યે અહો અહો થઈ રહ્યું છે. જોતજોતામાં કેટલું વિજ્ઞાન ખેડાયું છે અને ખેડાતું જાય છે. પંદર મિનિટમાં ભયંકર ઉલ્કાપાત મચાવી શકાય તેટલે સુધી વિજ્ઞાનનો વિકાસ થશે એવા ભણકારા વાગે છે. પુરાણોએ ભગવાનનો મહિમા ગાતાં કહ્યું છે કે, "તેની ભ્રુકુટિના વિલાસમાત્રથી બ્રહ્માંડોનો પ્રલય થાય છે." આ સિદ્ધિ તો માણસના હાથમાં આવવા લાગી છે. ચંદ્ર અને મંગળ તેમ જ ગુરુ તથા શનિ સાથે એ સંપર્ક સાધવાની કળા વૈજ્ઞાનિક શોધી કાઢશે એવી એને ઉમેદ આવી છે. ભોગ સિદ્ધિ અને રોગોના ઇલાજો શોધાઈ રહ્યા છે. હિંસા કરવાના અને તેની સામે બચવાના પણ નવા નવા માર્ગો ખોળાય છે, પણ રોગ, ધસારો અને અહિંસાને જીવનમાં સ્થાન જ ન મળે, ને પોતાને લાગે, ને બીજાને પહોંચે, એવી-જાતના જીવનના નિયમોને શોધવા અને તેને અનુકૂળ સંસ્કૃતિને ખીલવવાની બુદ્ધિ હજી શોધાઈ નથી.

(15) નીચેના ગદ્યખંડને કાળકથન રીતિ પ્રમાણે વિચાર-વિકાસના ક્રમમાં ગોઠવી ફરીથી લખો. [05]

'આવ્યો ભાઈલા ?' આય હાય... કેવો થઈ ગયો છે ! એ બધું બાનું કામ. ભલી હશે તો ચોક લગી દોડી આવવાની ઝટપટ ઘુમટાથી આંખો લૂછીને પાણીનો લોટો ભરી લાવશે. એવો ચળકચળક કરતો પિત્તળનો લોટો. ને એમાં ભરેલું ટૂંકુ પાણી ! એની માના હાથે ઉટકાયેલો ચોખ્ખોચણક લોટો ! બા તો તરત જ ઠેઠ પરસાળના ઉંબરા લગી, શોનું તે શી ચીજ છે, માણસ બીજું શું માગે આ દુનિયામાં ? કેટલીક આંખો આંસુ ભરી દેશે.

(16) નીચેનામાંથી કોઈપણ એક વિષય પર આશરે 250 શબ્દોમાં નિબંધ લખો. [10]

(1) યૌવન એટલે જીવનની વસંત

મુદ્દા : પ્રસ્તાવના – કુદરતની અનેક ઋતુઓમાં વસંતનું મહત્ત્વ – કુદરતમાં પ્રતિવર્ષ વસંત – માનવ જીવનમાં એકવાર – યૌવન ક્રાંતિકારી – લાગણીઓનો ઉભરાટ – મોજશોખ, આનંદ – જીવનમાં – સનાતન મૂલ્યોની સમજ – સર્જનાત્મક પ્રવૃત્તિ – સમાજઉપયોગી કાર્યો – દેશ વિકાસના કાર્યો – ઉપસંહાર

અથવા

(2) પ્રદૂષણ – એક સાર્વત્રિક સમસ્યા

મુદ્દા : પ્રસ્તાવના – ઔદ્યોગિક ક્રાંતિની અસરો – વસ્તી વિસ્ફોટની અસરો – અણુશસ્ત્રોની આંધળી દોટ – રણવિસ્તારની અસરો – મોજશોખમાંથી પેદા થતું પ્રદૂષણ – પ્રદૂષણ ઘટાડવાના ઉપાયો – ઉપસંહાર

અથવા

(3) સમાજમાં કન્યા કેળવણીનું મહત્ત્વ

મુદ્દા : પ્રસ્તાવના – કેળવે તે કેળવણી – અભણ સ્ત્રીને પડતી મુશ્કેલીનું નિવારણ – આકસ્મિક સંજોગોમાં કેળવણી આશીર્વાદરૂપ – બૌદ્ધિકવિકાસ – કુટુંબ સંચાલનમાં મદદરૂપ – પોતાના સંતાનના વિકાસમાં યોગ્ય ફાળો – ઇન્દિરા ગાંધી, કલ્પના ચાવલા જેવી સફળ સ્ત્રીઓના દૃષ્ટાંતો – વિકાસશીલ સમાજ – ઉપસંહાર

(17) નીચેના ગદ્યાંશને વાદાત્મક ગદ્ય સ્વરૂપે ફરીથી લખો. [05]

માણસનું જ્ઞાન એકાંગી હોય તો એનો ઇલાજ શો ? પરંતુ જો સમજે તો કેવું સારું ? શું અમુક બાબતનો વિચાર પોતાની માફક બીજાને કરવાનો હક નથી ? દરેકની દૃષ્ટિ સમાન નથી હોતી. દરેકને પોતપોતાનો મત માનવાનો એટલોયે અધિકાર ન હોય ? આપણે ખોટો હઠાગ્રહ શા માટે કેળવવો ? ઉદારતા એ તંદુરસ્ત મનની અને હઠાગ્રહ એ માંદલા મનની નિશાની છે. છીછરું મન હોય ત્યાં હઠ હોય.

અથવા

(17) નીચે આપેલ શબ્દ યાદીનો ઉપયોગ કરી ભાવાત્મક ગદ્ય લખો.

પરોપકાર

મુદ્દા : ઈશ્વરનું સર્જન – કુદરતી યોજના – જીવનવ્યવહાર – જીવનમૂલ્યો – વૃત્તિ – વિવિધ સ્વરૂપો માનવ, પ્રાણી, વૃક્ષો – સમૃદ્ધિ – મર્યાદા – પરોપકારીપણું આવશ્યકતા.





shiksha

## ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર
## શૈક્ષણિક વર્ષ - 2025-26
## ધોરણ-12
## વિષય : અર્થશાસ્ત્ર (સામાન્ય પ્રવાહ)
## અભ્યાસક્રમનું માસવાર આયોજન

| ક્રમ | માસ | પ્રકરણ નંબર | પ્રકરણનું નામ | અંદાજિત તાસ |
|---|---|---|---|---|
| 1. | જૂન | 1<br>2 | અર્થશાસ્ત્રમાં આલેખ<br>વૃદ્ધિ અને વિકાસના નિર્દેશકો | 19 |
| 2. | જુલાઈ | 3<br>4 | નાણું અને ફુગાવો<br>બેન્કિંગ અને નાણાકીયનીતિ | 27 |
| 3. | ઓગસ્ટ | 5<br>6 | ગરીબી<br>બેરોજગારી | 22 |
| 4. | સપ્ટેમ્બર | 7 | વસ્તી | 16 |
| 5. | ઓક્ટોબર | 8<br>9 | કૃષિક્ષેત્ર<br>વિદેશવેપાર (અપૂર્ણ) | 12 |
| 6. | નવેમ્બર | 9<br>10 | વિદેશવેપાર (પૂર્ણ)<br>ઉદ્યોગક્ષેત્ર | 21 |
| 7. | ડિસેમ્બર | 11<br>12 | ભારતીય અર્થતંત્રમાં નૂતન પ્રશ્નો<br>પ્રાકૃતિક ખાદ્યજંગલ અને પાકસંરક્ષણ | 26 |
| 8. | જાન્યુઆરી | | પુનરાવર્તન | 16 |
| 9. | ફેબ્રુઆરી | | પુનરાવર્તન | 20 |





shiksha

# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

## શૈક્ષણિક વર્ષ - 2025-26

## ધોરણ-12

## વિષય : અર્થશાસ્ત્ર (022) (સામાન્ય પ્રવાહ)

## વાર્ષિક પરીક્ષા

**સમય : 3 કલાક** **પ્રશ્નપત્રનું પરિરૂપ** **કુલ ગુણ : 100**

નોંધ : આ પરિરૂપ વિદ્યાર્થીઓ, શિક્ષકો, પ્રાશ્નિકો, મોડરેટર્સ વગેરેના માર્ગદર્શન માટે છે. જે તે વિષયોના પ્રાશ્નિક તેમજ મોડરેટર્સને માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણના બૃહદ્ હાર્દ/ઉદ્દેશને સુસંગત રહી પ્રશ્નપત્રની સંરચના બાબતે ફેરફાર કરવાની છૂટ રહેશે.

હેતુઓ પ્રમાણે ગુણભાર :

| હેતુઓ | જ્ઞાન (K) | સમજ (U) | ઉપયોજન (A) | સંયોજન/કૌશલ્ય (S) | કુલ |
|---|---|---|---|---|---|
| ગુણ | 45 | 30 | 20 | 05 | 100 |
| ટકા(%) | 45% | 30% | 20% | 05% | 100% |

પ્રશ્નના પ્રકાર પ્રમાણે ગુણભાર :

| ક્રમાંક | પ્રશ્નો પ્રકાર | પ્રશ્નોની સંખ્યા | | કુલ ગુણ |
|---|---|---|---|---|
| | | જનરલ વિકલ્પ વિના | જનરલવિકલ્પ સાથે | |
| 1. | હેતુલક્ષી પ્રશ્નો (O) | 20 | 20 | 20 |
| 2. | અતિ ટૂંકજવાબી પ્રશ્નો (VSA) | 10 | 10 | 10 |
| 3. | ટૂંકજવાબી પ્રશ્નો (SA-I) | 12 | 16 | 24 |
| 4. | ટૂંકજવાબી પ્રશ્નો (SA-II) | 07 | 10 | 21 |
| 5. | લાંબા પ્રશ્નો (LA) | 05 | 07 | 25 |
| | કુલ | 54 | 63 | 100 |

પ્રકરણ દીઠ ગુણભાર :

| ક્રમ | પાઠ/પ્રકરણનું નામ | પ્રકરણ દીઠ ગુણભાર | |
|---|---|---|---|
| | | જનરલ વિકલ્પ વિના ગુણ | જનરલ વિકલ્પ સાથે ગુણ |
| 1. | અર્થશાસ્ત્રમાં આલેખ | 07 | 10 |
| 2. | વૃદ્ધિ અને વિકાસના નિર્દેશકો | 09 | 13 |
| 3. | નાણું અને ફુગાવો | 08 | 10 |
| 4. | બેન્કિંગ અને નાણાકીય નીતિ | 08 | 08 |
| 5. | ગરીબી | 10 | 13 |
| 6. | બેરોજગારી | 10 | 12 |
| 7. | વસ્તી | 10 | 15 |
| 8. | કૃષિ ક્ષેત્ર | 09 | 10 |
| 9. | વિદેશવેપાર | 07 | 09 |
| 10. | ઉદ્યોગક્ષેત્ર | 08 | 08 |
| 11. | ભારતીય અર્થતંત્રમાં નૂતન પ્રશ્નો | 10 | 13 |
| 12. | પ્રાકૃતિક પર્યાવરણ અને પર્યાવરણ | 04 | 06 |
| | કુલ | 100 | 127 |

નોંધ : જનરલ વિકલ્પ સાથે દર્શાવેલ પ્રશ્નોના ગુણ નમૂનાના પ્રશ્નપત્ર પ્રમાણે દર્શાવેલ છે. અન્ય પ્રશ્નપત્ર માટે આ ગુણ અલગ હોઈ શકે છે.



shiksha

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

શૈક્ષણિક વર્ષ - 2025-26

ધોરણ-12

વિષય : અર્થશાસ્ત્ર (022) (સામાન્ય પ્રવાહ)

વાર્ષિક પરીક્ષા

સમય : 3 કલાક　　　　પ્રશ્નપત્રનું માળખું　　　　કુલ ગુણ : 100

| પ્રશ્ન ક્રમ | વિભાગ તથા પ્રશ્નની વિગત | ગુણ |
|---|---|---|
| | વિભાગ-A | |
| 1 થી 20 | નીચે 1 થી 20 હેતુલક્ષી પ્રકારના પ્રશ્નો આપેલા છે. આપેલા વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ઉત્તર લખો. (દરેકનો 1 ગુણ) | 20 |
| | વિભાગ-B | |
| 21 થી 30 | નીચે આપેલા 21 થી 30 પ્રશ્નોના ઉત્તર એક-બે વાક્યમાં આપો. (દરેકનો 1 ગુણ) | 10 |
| | વિભાગ-C | |
| 31 થી 46 | નીચે આપેલા પ્રશ્ન ક્રમાંક 31 થી 46 સુધીના 16 પ્રશ્નોમાંથી કોઈપણ 12 (બાર) પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર લખો. (દરેકના 2 ગુણ) | 24 |
| | વિભાગ-D | |
| 47 થી 56 | નીચે આપેલા પ્રશ્ન ક્રમાંક 47 થી 56 સુધીના 10 પ્રશ્નોમાંથી કોઈપણ 07 (સાત) પ્રશ્નોના ઉત્તર મુદ્દાસર લખો. (દરેકના 3 ગુણ) | 21 |
| | વિભાગ-E | |
| 57 થી 63 | નીચે આપેલા પ્રશ્ન ક્રમાંક 57 થી 63 સુધીના 07 પ્રશ્નોમાંથી કોઈપણ 05 (પાંચ) પ્રશ્નોના સવિસ્તાર ઉત્તર લખો. (દરેકના 5 ગુણ) | 25 |
| | કુલ ગુણ | 100 |

સૂચના : વિભાગ–E માં પ્રશ્નક્રમાંક-63 આકૃતિ અને તેના વિશ્લેષણને લગતો પૂછવાનો રહેશે. જેમાં સમય આધારિત રેખા આકૃતિ, સાદી સ્તંભાકૃતિ, પાસ-પાસેની સ્તંભાકૃતિ કે વિભાજીત સ્તંભાકૃતિમાંથી પૂછવાનો રહેશે. આ પ્રશ્નમાં દૃષ્ટિહીન વિદ્યાર્થીઓએ માત્ર સમજૂતી આપવી, (વિશ્લેષણ કરવું) તેની સ્પષ્ટ નોંધ કરવાની રહેશે.





shiksha

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

શૈક્ષણિક વર્ષ - 2025-26

ધોરણ-12

વિષય : અર્થશાસ્ત્ર (022) (સામાન્ય પ્રવાહ)

વાર્ષિક પરીક્ષા

# નમૂનાનું પ્રશ્નપત્ર

સમય : 3 કલાક | કુલ ગુણ : 100

- આ પ્રશ્નપત્રમાં પાંચ વિભાગ અને કુલ 63 પ્રશ્નો છે.
- જવાબ આપતાં પહેલાં પ્રશ્નોને કાળજીપૂર્વક વાંચી સૂચના મુજબ જવાબ આપો.
- વિભાગની સામે કૌંસમાં લખેલ અંક ગુણ દર્શાવે છે.
- નવો વિભાગ નવા પાના પરથી જ લખવો.
- વિભાગ C, D અને Eમાં જનરલ વિકલ્પ આપવામાં આવ્યા છે.
- પ્રશ્નક્રમાંક - 63માં દૃષ્ટિહીન વિદ્યાર્થીઓએ માત્ર વિશ્લેષણ કરવું.

## વિભાગ - A

- પ્રશ્નક્રમ 1 થી 20 હેતુલક્ષી પ્રશ્નો છે. આપેલા વિકલ્પમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી જવાબ લખો : [20]
(દરેક પ્રશ્નનો 1 ગુણ છે)

(1) આકૃતિ ક્યા પ્રકારના વિતરણ માટે દોરવામાં આવે છે ?

(A) વિસ્તાર (B) સતત

(C) અસતત (D) આદર્શ

(2) આર્થિક માહિતી અંગેની ડેટા CD કોણ તૈયાર કરે છે ?

(A) શાળાઓ (B) સામાન્ય વ્યક્તિઓ

(C) ખાનગી પ્રકાશકો (D) પ્રયોગશાળાઓ, સંશોધન કેન્દ્રો, સરકાર વગેરે.

(3) માનવવિકાસના આંકનું મૂલ્ય કેટલું હોય છે ?

(A) એક (B) શૂન્યથી એક વચ્ચે

(C) સો (D) શૂન્ય

(4) 'વિકાસ એટલે વૃદ્ધિ વત્તા પરિવર્તન' આ વિધાન કોણે રજૂ કર્યું છે ?

(A) ટોડેરો (B) જિરાલ્ડ મેયર

(C) મેકલપ (D) હેન્સન

(5) ભારત જરૂરી પેટ્રોલિયમ પેદાશના કેટલા ટકા જેટલો પુરવઠો આયાત દ્વારા પ્રાપ્ત કરે છે ?

(A) 50 (B) 60

(C) 70 (D) 90

(6) રિઝર્વ બેન્ક ઓફ ઇન્ડિયાની સ્થાપના ક્યા વર્ષમાં થઈ હતી ?

(A) 1951 (B) 1935

(C) 1947 (D) 1949





shiksha

(7) સંસ્કૃત ભાષા પ્રમાણે બેન્ક શબ્દનો અર્થ શું થાય છે ?

(A) નાણાંનો પુરવઠો (B) મૂડી રોકાણ

(C) મૂડીનો જથ્થો (D) વ્યાજ

(8) વર્ષ 2015માં ભારતમાં સૌથી વધુ ગરીબી કયા રાજ્યમાં જોવા મળી હતી ?

(A) છત્તીસગઢ (B) ગોવા

(C) ગુજરાત (D) રાજસ્થાન

(9) ખેતીક્ષેત્રે ખેડૂતોને પાક નિષ્ફળતાના જોખમથી રક્ષણ આપવા કઈ યોજના શરૂ કરવામાં આવી છે ?

(A) NREGA (B) IRDP

(C) PMFBY (D) IAY

(10) અસરકારક માંગના અભાવે કયા પ્રકારની બેરોજગારી સર્જાય છે ?

(A) પ્રચ્છન્ન (B) મોસમી

(C) ઘર્ષણજન્ય (D) ચક્રીય

(11) બેરોજગારીના પ્રકારો નક્કી કરવા માટેના ચાર માપદંડો કોણે રજૂ કર્યા છે ?

(A) પ્રો. પીગુ (B) રાજકૃષ્ણ

(C) કેઈન્સ (D) માર્શલ

(12) ભારતમાં આયોજનનો આરંભ કઈ સાલમાં થયો ?

(A) ઈ.સ. 1951 (B) ઈ.સ. 1981

(C) ઈ.સ. 1991 (D) ઈ.સ. 2001

(13) ભારતમાં નવી વસ્તી નીતિ (2000) માટેની સમિતિની રચના કોના વડપણ હેઠળ થઈ હતી ?

(A) દીન દયાળ ઉપાધ્યાય (B) જમશેદજી તાતા

(C) ડૉ. એમ. એસ. સ્વામીનાથન્ (D) રંગનાથન

(14) ભારતમાં અધૂરી સિંચાઈ યોજનાઓ પૂરી કરવાની જવાબદારી કોને સોંપવામાં આવી છે ?

(A) RBI (B) NABARD

(C) RRBs (D) SBI

(15) વિદેશવેપારમાં કયું સાધન સૌથી ઓછું ગતિશીલ છે ?

(A) જમીન (B) મૂડી

(C) નિયોજનશક્તિ (D) શ્રમ

(16) લેણદેણની તુલામાં કેટલાં ખાતા હોય છે ?

(A) 1 (B) 2

(C) 3 (D) 4



shiksha

(17) અગરબત્તી ઉદ્યોગ એ કયા ઉદ્યોગનું ઉદાહરણ છે ?

(A) નાના પાયાનો ઉદ્યોગ (B) મોટા પાયાનો ઉદ્યોગ

(C) ગૃહ ઉદ્યોગ (D) મધ્યમ પાયાનો ઉદ્યોગ

(18) જાહેરક્ષેત્ર એટલે શું ?

(A) સરકાર દ્વારા સંચાલિત ક્ષેત્ર (B) આંતરરાષ્ટ્રીય ક્ષેત્ર

(C) લોકો દ્વારા સંચાલિત ક્ષેત્ર (D) સરકારનુંસિવાયનું ક્ષેત્ર

(19) ભારતમાં રેલવેની સૌપ્રથમ શરૂઆત કયા વર્ષમાં થઈ હતી ?

(A) 1951માં (B) 1901માં

(C) 1853માં (D) 1875માં

(20) બ્રશ્માસ્ત્ર બનાવવામાં કેટલા લિટર ગૌમૂત્રની જરૂર પડે છે ?

(A) 20 (B) 50

(C) 30 (D) 10

## વિભાગ - B

- પ્રશ્નક્રમ 21 થી 30 પ્રશ્નોનાં ઉત્તર એક-બે વાક્યમાં આપો : (દરેક પ્રશ્નનો 1 ગુણ છે.) [10]

(21) ખૂતાંશ શોધવાનું સૂત્ર લખો.

(22) જીવનની ભૌતિક ગુણવત્તા આંક (PQLI) ની રજૂઆત કોના દ્વારા કરવામાં આવી ?

(23) પ્રધાનમંત્રી જનધન યોજનાનું સંચાલન કોણ કરે છે ?

(24) કયા પ્રકારની થાપણો સૌથી વધુ તરલ હોય છે ?

(25) ગરીબી રેખા એટલે શું ?

(26) કયા વસ્તુઓને ઉત્પાદકીય વસ્તુઓ તરીકે ઓળખવામાં આવે છે ?

(27) NABARD નું પૂરું નામ જણાવો.

(28) વિદેશ વેપારનું કદ એટલે શું ?

(29) નાના પાયાના ઉદ્યોગો કયા પ્રકારની ઉત્પાદન પદ્ધતિનો ઉપયોગ કરે છે ?

(30) પારિભાષિક શબ્દનો અર્થ આપો : મિલેટ્સ

## વિભાગ - C

- નીચે આપેલા 31 થી 46 સુધીના 16 પ્રશ્નોમાંથી કોઈપણ 12 પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર લખો : (દરેક પ્રશ્નના 2 ગુણ) [24]

(31) અર્થશાસ્ત્રના અભ્યાસમાં કમ્પ્યુટર ટેક્નોલૉજીના ઉપયોગ તરીકે પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન સમજાવો.

(32) ઈન્ટરનેટના ઉપયોગના ભયસ્થાનો જણાવો.

(33) આર્થિક વિકાસના લક્ષણો જણાવો. (ગમે તે ચાર)

(34) આર્થિક વિકાસના નિર્દેશકોના નામ જણાવો.

(35) દાબેલો ફુગાવો એટલે શું ?

(36) નાણાંના પ્રકાર જણાવો.





shiksha

(37) શિડ્યુલ બેન્કનું વર્ગીકરણ જણાવો.

(38) RBI ની નાણાંકીય નીતિના ગુણાત્મક સાધનોના માત્ર નામ જણાવો.

(39) ગરીબીનો આવક અભિગમ સમજાવો.

(40) પ્રચ્છન્ન બેરોજગારીનો અર્થ આપો.

(41) પંડિત દીનદયાળ ઉપાધ્યાય શ્રમેવ જયતે યોજના ટૂંકમાં સમજાવો.

(42) શ્રી રાજકૃષ્ણ સમિતિએ રજૂ કરેલ બેરોજગારીના માપદંડોના માત્ર નામ જણાવો.

(43) ખેતીના આધુનિકીકરણમાં ઉદ્યોગો કેવી રીતે ઉપયોગી છે ? સમજાવો.

(44) ભારતમાં રેલવે સામેના પડકારો જણાવો.

(45) ખાદ્યજંગલ મોડેલના ગમે તે બે ફાયદા જણાવો.

(46) અગ્નિઅસ્ત્રનો ઉપયોગ જણાવો.

## વિભાગ - D

- નીચે આપેલા 47 થી 56 સુધીના 10 પ્રશ્નોમાંથી કોઈપણ 07 પ્રશ્નોના ઉત્તર મુદ્દાસર લખો : [21]
  (દરેક પ્રશ્નના 3 ગુણ)

(47) આકૃતિ અને આલેખ દોરતી વખતે ધ્યાનમાં રાખવાની બાબતો સમજાવો.

(48) માનવવિકાસ આંકના ઘટકો સમજાવો.

(49) આર્થિક વૃદ્ધિ અને આર્થિક વિકાસનો તફાવત લખો. (કોઈપણ છ મુદ્દા)

(50) ગરીબીના કોઈપણ ત્રણ નિર્દેશકો સમજાવો.

(51) મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગારી ગેરંટી યોજના (મનરેગા) : ટૂંકનોંધ લખો.

(52) ભારતમાં વસ્તી નિયંત્રણના કોઈપણ ત્રણ ઉપાયો સમજાવો.

(53) પાકની ફેરબદલી સમજાવો.

(54) ટૂંકનોંધ લખો : હૂંડિયામણ દર

(55) વિદેશ વેપારના કારણો સમજાવો. (ત્રણ મુદ્દા)

(56) વિશિષ્ટ આર્થિક વિસ્તાર (SEZ) સમજાવો.

## વિભાગ - E

- નીચે આપેલા 57થી 63 સુધીના 07 પ્રશ્નોમાંથી કોઈપણ 05 પ્રશ્નોના ઉત્તર વિસ્તારપૂર્વક આપો : [25]
  (દરેક પ્રશ્નના 5 ગુણ)

(57) સાટા પ્રથાનો અર્થ આપી સાટા પ્રથાની મર્યાદાઓ સમજાવો.

(58) ભારતમાં ગરીબી ઘટાડવાના આર્થિક કારણો સમજાવો.

(59) મૃત્યુદરનો અર્થ આપી નીચાં મૃત્યુદરનાં કારણો સમજાવો.



shiksha

(60) ભારતમાં ખેત ઉત્પાદકતા વધારવાના ટેક્નોલોજીકલ સુધારાઓ સમજાવો.

(61) સ્થળાંતરનો અર્થ આપી સ્થળાંતરની નકારાત્મક અસરો ચર્ચો.

(62) શહેરીકરણની સમસ્યા હળવી કરવાના કોઈપણ પાંચ ઉપાયો સમજાવો.

(63) ભારતમાં જન્મદર અને મૃત્યુદરની આપેલી આંકડાકીય માહિતીને પાસ-પાસેની સ્તંભાકૃતિમાં રજૂ કરી વિશ્લેષણ કરો.

[નોંધ : પ્રશ્નક્રમાંક 63માં દૃષ્ટિહીન વિદ્યાર્થીઓએ માત્ર વિશ્લેષણ કરવું.]

| વર્ષ | જન્મદર (પ્રતિ 1000 વ્યક્તિએ) | મૃત્યુદર (પ્રતિ 1000 વ્યક્તિએ) |
|---|---|---|
| 1951 | 39.9 | 27.4 |
| 2011 | 21.8 | 7.1 |



shiksha